## :: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ યોજાનાર "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી" નિમિત્તે યોજાનાર યોગ કાર્યક્રમ**

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા. ૨૧ જૂનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે જાહેર કરવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ રજૂઆતને સંયુકત રાષ્ટ્ર સંઘએ સ્વીકારી "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર થતાં વિશ્વભરમાં તા.૨૧ જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રંન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, નગર પ્રાથમિક, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે તમામ ઝોનમાં તા.૧૬/૦૬/૨૦૧૭ના રોજ યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થાના ભાગરૂપે યોજાયેલ તાલીમ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગ તાલીમ મેળવેલ છે.

૨૧મી જૂન ૨૦૧૭ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાવા ઉત્સુકતા દાખવેલ છે. સવારે ૭.૦૦ કલાકથી યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. "વિશ્વ યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ શહેરીજનોને અપીલ કરેલ છે.

યોગા શિબિરાર્થીઓ માટેની સામાન્ય સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) દરેક નાગરીકોએ ૬' × ૪' જેટલી મોટી શેતરંજી તથા નેપકીન સાથે લાવવો.
(૨) નાગરીકોએ સવારે ખાલી પેટે આવવું.
(૩) દરેક નાગરીકોએ ખુલ્લો સારો પોશાક પહેરવો આવશ્યક છે. બરમ્યુડા, ટુંકી ચડ્ડી વિગેરે પ્રતિકુળ વસ્ત્રો પસંદ ન કરાય તે
ઈચ્છનીય.
(૪) મહિલાઓએ પંજાબી ડ્રેસ પહેરવો જેથી યોગાભ્યાસ માટે સાનુકુળતા રહે.
(૫) શકય હોય તો સફેદ વસ્ત્રો પહેરવા.
(૬) નાગરીકોએ ૭.૦૦ વાગ્યા પહેલા આવી સ્થાન મેળવી લેવું.
(૭) દરેક નાગરીકે પોતાની મર્યાદા મુજબ જ યોગાભ્યાસ કરવો, જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.

૨૭૫

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૧૯/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં સાફ–સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૯/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં સાફ–સફાઈ ઝુંબેશ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૯/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય વિભાગની ટીમો બનાવી ઝોનમાં આવેલ વેજીટેબલ માર્કેટની પ્રિમાઈસીસની અંદર તથા બહારનાં ભાગે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| વેજીટેબલ માર્કેટ | સુપરવાઈઝર | કામદાર | ઈસમ | વહીવટી ખર્ચ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| ૪૭ | ૫૧ | ૧૮૬ | ૨૩૫ | ૧૫૦૦ | ૪.૫૦૦ | ૧૧૫૪ |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર સ્ટાફ, નાગરીકો, વેજીટેબલ માર્કેટનાં વેચાણકર્તા તથા પાથરણાવાળાઓને સુકો/ભીનો કચરો અલગ–અલગ રાખવા તેમજ સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૯/૦૬/૧૭ તથા તા.૨૦/૦૬/૧૭ના રોજ નીચે મુજબની ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ સુરત–ડુમસ રોડ પર એરપોર્ટની સામે ડુમસ ગામ તરફ જતા ટી.પી.રોડને લાગુ ટી.પી.સ્કીમ નં.૭૬(ડુમસ–ગવિયર–વાંટા), ફા.પ્લોટ નં.૧માં આવેલ સાયલન્ટ ઝોનમાં ''રીક્રીએશન''ના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટ સુચિત કરવામાં આવેલ છે. સદર રીઝર્વેશન પ્લોટમાં સબ પ્લોટ નં.૪૭૯ ના કબજેદાર દ્વારા અંદાજે ૭૫૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ આર.સી.સી.બીમ,કોલમ, ચણતર તથા પ્લાસ્ટરવાળુ ગ્રાઉન્ડ ફ્લોરનું ગેરકાયદેસરનું બાંધકામ સંપૂર્ણ રીતે ડીમોલીશ કરી રીઝર્વેશન હેઠળનો પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે.
- અણુવ્રત દ્વાર થી જી.ડી.ગોએન્કા સ્કુલ તરફ જતા રસ્તાને લાગુ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૫ (વેસુ–ભરથાણા– અલથાણ)માં ઓ.પી.નં.૧૨ વાળી જગ્યામાં સમાવિષ્ટ ''સેલેબલ ફોર રેસીડેન્શીયલ''ના હેતુસરના રીઝર્વેશનવાળી જગ્યામાં જમીન માલિક દ્વારા કાર ગેરેજ તથા ફુડકોર્ટ બનાવવાના હેતુસર લોખંડની એંગલો ઉભા કરી બનાવવામાં આવેલ પતરાના શેડને દૂર કરવા મિલ્કત સંબંધિતોને અઠવા ઝોન કચેરી દ્વારા અગાઉ લેખિતમાં નોટીસ આપવામાં આવેલ હતી તથા રૂબરૂમાં પણ સદર પતરાના શેડનું બાંધકામ દૂર કરવા તેઓને વારંવાર જણાવવામાં આવેલ હતું તેમ છતા પણ મિલ્કતદાર દ્વારા પ્રશ્નવાળું બાંધકામ દૂર કરવામાં ન આવતા આજરોજ અંદાજે ૭૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આવેલ ઉપરોકત મુજબના પતરાના શેડનું ગેરકાયદેસરનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જે મુજબ પ્રશ્નવાળી જગ્યાને લાગુ ૬૦.૦૦ મી.ના કેનાલ રોડ પર પાર્ક થતા વાહનોનું ન્યુસન્સ પણ દૂર થયેલ છે.
- વધુમાં ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૬૪ વાળી મિલ્કતમાં તા.૦૬/૦૨/૧૭ ના ટીડીઓ/ડીપી નં.૪૮૧ થી રો–હાઉસ ટાઈપ બાંધકામ સહિતના મંજુર થયેલ લે–આઉટ વિરૂધ્ધ મિલ્કતદારે મંજુર પ્લાન મુજબના પ્લોટ નં.ડી/૧૨ માં ઉત્તરે લાગુ ૧૨.૦૦ મી.ના ટી.પી.રોડ તથા પશ્ચિમે લાગુ ફા.પ્લોટ નં.૬૬ તરફે નિયમ મુજબ માર્જીન છોડયા વગર ફુટીંગ કોલમનું બાંધકામ શરૂ કરેલ હોવાનું ધ્યાને આવતા અત્રેથી મિલ્કતદારને નોટીસ આપી ઉકત મુજબનું બાંધકામ દૂર કરવા સુચના આપેલ, જેનો અમલ તેઓએ નહીં કરતા અત્રેથી માર્જીનમાં કરેલ ઉકત મુજબના કોલમ, ફુટીંગના ગેરકાયદેસર બાંધકામને તોડી આશરે ૪૦૦ ચો.ફુટના માર્જીન ખુલ્લા કરેલ છે.

ઉકત મુજબના ડીમોલીશનના કામે કુલ આશરે ૮૧૫૦ચો.ફુટનું ગેરકાયદેસરનું બાંધકામ દૂર કરી સદર કામે મિલ્કતદારો પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે પેટે કુલ રૂા.૩૫૦૦૦/–વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# <u>:પ્રેસનોટ:</u>

**હાલની પ્રવર્તમાન ચોમાસાની ઋતુ દરમ્યાન ખાસ કરીને ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા (રોગનો ફેલાવો કરતા) દિવસ દરમ્યાન કરડતા એડીસ મચ્છરના રોકથામ માટે પૂર્વઝોન (વરાછા)ના વી.બી.ડી.સી. <u>વિભાગ દ્વારા કોમર્શીયલ કોમ્પલેક્ષ હેઠળ આદરેલી સામુહિક ઝુંબેશને અખબારી યાદી :</u>**

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણીનો ભરાવો થઈને મચ્છરજન્ય પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રાખવા મે.કમિશનરશ્રી તરફથી સુચન મળેલ. સદર બાબત ધ્યાને રાખીને ખાસ કરીને ડેન્ગ્યુ, ચિકનગુનિયાના રોગના ફેલાવા માટે જવાબદાર એડીસ મચ્છર કે જે સવારના સમયગાળા દરમ્યાન કરડીને રોગનો ફેલાવો કરે છે. તેના રોકથામ માટે પૂર્વઝોન (વરાછા) હેઠળ આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ ખાતે વરાછા વી.બી.ડી.સી. વિભાગ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરેલ છે. જે પૈકી સરથાણા રોડ ખાતે આવેલ ''દીપકમલ મોલ'' ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડેલ.

એડીસ મચ્છર સવારના સમયે કરડતાં હોવાથી મોલ ખાતે કામગીરી કરતાં વ્યકિત તેમજ ખરીદી માટે આવતાં લોકોના જાહેર આરોગ્યને ધ્યાને લઈને જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવા ઉપરાંત '' કોલ્ડ ફોગ'' મશીન દ્વારા ધુમ્રશેર કામગીરી કરાવડાવેલ તેમજ વહિવટી પરચુરણ ખર્ચ પેટે ''લેપ ડેવલપર્સ પ્રા.લી.'' પાસેથી રૂ.૨૦૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) વસૂલાત કરી મોલને બંધ રાખવાની ફરજ પાડેલ છે.

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## <u>ઓકસીજન કોર્નર તથા ઓકસીજન પાર્ક વિકસાવવા બાબત.</u>

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ હયાત તમામ મોટા બાગોમાં નગરજનો / બાગમાં આવતા મુલાકાતીઓને સ્વચ્છ હવામય વાતાવરણ મળી રહે તે હેતુથી વધુ ઓકસીજન આપતા વૃક્ષો જેવા કે, વડ, પીપળા, લીમડા, એરીકાપામ ટ્રી તથા તુલસી વિગેરેનું પ્લાન્ટેશન કરી ઓકસીજન કોર્નર તેમજ ઓકસીજન પાર્ક વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

# ઓકસીજન કોંનર વિકસાવી શકાય તેવા હયાત બાગોની વિગત

| ક્રમ | ઝોન | તળાવ અને બાગ | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૦૨ | ૪૫ |
| ૨ | રાંદેર | ૦૮ | ૨૬૦ |
| ૩ | અઠવા | ૦૮ | ૧૬૦ |
| ૪ | ઉધના | ૦૫ | ૧૩૫ |
| ૫ | લિંબાયત | ૦૩ | ૮૫ |
| ૬ | વરાછા–અ | ૦૩ | ૭૫ |
| ૭ | વરાછા–બ | ૦૩ | ૬૦ |
| ૮ | કતારગામ | ૦૩ | ૭૦ |
| કુલ | | ૩૫ | ૮૯૦ |

**ઓકસીજન પાર્ક તરીકે વિકસાવી શકાય તેવા સ્થળો / બાગોની વિગત.**

| ક્રમ | બાગોનાં નામ | ચો.મીટર | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ક્ષ | ટી.પી.૪૩, એફ.પી.નં.૮૭ (ભીમરાડ) | ૬૭૯૩.૦૦ | ૬૨૦ |
| × | ટી.પી. ૨૭ (ઉત્રાણ–કોસાડ), એફ.પી.નં.૧૯૬ | ૫૯૨૯.૦૦ | ૬૦૦ |
| ઘ | ડીંડોલી લેક ગાર્ડન પાસેના પ્લોટમાં | ૬૦૦૦.૦૦ | ૬૦૦ |
| | અઠવા ઝોનમાં નદિ કિનારે અઠવા ગેટથી ગેટ વે હોટલ સુધી નદિના પાળા પર | ૨૦૦૦૦.૦૦ | ૪૦૦ |
| કુલ | | | ૨૨૨૦ |

**''પબ્લિક સર્વિસ ડે''** નિમિત્તે તા.૨૦/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં સુકા/ભીના કચરા માટે અલગ–અલગ ડસ્ટબીન મૂકવા અંગે ઝુંબેશ હાથ ધરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **''પબ્લિક સર્વિસ ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૦/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં સુકા/ભીના કચરા માટે અલગ–અલગ ડસ્ટબીન મૂકવા અંગે ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૦/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, આરોગ્ય સ્ટાફ, માર્કેટોનાં હોદ્દાદારો, પ્રમુખ સેક્રેટરી, સખીમંડળનાં સભ્યો, નગરજનોની સંયુકત ટીમો બનાવી દરેક વેજીટેબલ માર્કેટોનાં સ્ટોલ ધારકો/પાથરણાવાળાઓને સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરાવી તેમજ સુકા/ભીના કચરા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની ઝુંબેશ હાથ ધરી તેનો અમલ કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યારબાદ ઉપરોકત ટીમ દ્વારા દરેક વેજીટેબલ માર્કેટોમાં સઘન સફાઈ કામગીરી કરાવી સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીન દ્વારા કચરાનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો. તથા વેચાણકર્તાઓને અલગ–અલગ ડસ્ટબીનમાં કચરો રાખવા માટેની સૂચના અને સમજણ આપવા માટેનું આયોજન કરવામાં આવેલ હતું.

| વેજીટેબલ માર્કેટ | ડસ્ટબીન ઝુંબેશમાં ભાગ લેનાર | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| | વેજીટેબલ હોદ્દાદારો,વેચાણકર્તા | સુપરવાઈઝર | કામદાર | નાગરીકો | | |
| ૪૨ | ૨૧૮ | ૧૭ | ૪૮ | ૧૭૦ | ૩.૧૦૦ | ૧૨૦૦ |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

### ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ યોજાયેલ ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે જાહેર કરવામાં આવતાં તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ તૃતીય ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની દેશ અને દુનિયામાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જૂન ૨૦૧૭ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની સમજ સાથે સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, તમામ ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો, ક્રિકેટના મેદાનો, મંદિરના પટાંગણ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૫૦ થી વધુ સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમમાં પુરૂષો–૪૨૦૩૯૭ તથા મહિલાઓ–૨૭૬૬૯૪ મળી અંદાજીત કુલ–૬૯૭૦૯૧ જેટલા લોકો ઉત્સાહભેર જોડાતાં સમગ્ર સુરત શહેર યોગમય બની ગયું હતું. સવારે ૬ કલાકથી સૌ નગરજનો સ્વૈચ્છિક રીતે પોતાને અનુકૂળ અને સફેદ વસ્ત્રોમાં સજજ થઈ પોતાના રહેઠાણ નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી, સાથે લાવેલ શેતરંજી, બ્લેન્કેટ, સાદડી કે આસન પાથરી યોગ સાધનામાં સામેલ થયા હતા. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, અર્ધ ચક્રાસન, અર્ધ ઉષ્ટ્રાસન, સલભાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, મકરાસન, ભદ્રાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેનાથી થતા લાભની માહિતી સાથે યોગાસનો કર્યા હતા. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી પ્રાણાયામ કરાવી છેલ્લે શવાસન સાથે ધ્યાનની અનુભુતિ કરાવવામાં આવતાં સૌ કોઈ ઊર્જા–શકિતનો એહસાસ કરતા હતા. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ સરથાણા કોમ્યુનિટી હોલ ખાતે યોગાસનો કર્યા હતા. સરસાણા ખાતે યોજાયેલ મુખ્ય કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, સાંસદશ્રી સી. આર. પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન, કલેકટરશ્રી મહેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણીએ શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા લોકો સંકલ્પબધ્ધ થયા હતા.

ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવા તથા દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે હેતુસર યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશન દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. શહેરના દરેક નગરજનો આ કાર્યક્રમથી માહિતગાર બની યોગ કાર્યક્રમમાં જોડાય તે માટે ૧૮ જગ્યાઓએ હોર્ડિંગ્સ અને ૨૫૦ જેટલી જગ્યાએ બેનરો લગાડવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ લઈ યોગ દિવસ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરતાં સૌ નગરજનો ઉમગભેર સામુહિક યોગ નિદર્શનમાં જોડાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોગના તમામ સ્થળોએ સાઉન્ડ સીસ્ટમ, લાઈટ–પંખા, પીવાના પાણી જેવી તમામ આનુષાંગિક સુવિધાઓ, ખાસ મેડીકલ ઓફિસર સાથેની મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ જનજન સુધી પહોંચે માટે વિવિધ વર્તમાનપત્રોમાં કાર્યક્રમના સ્થળ સાથેની પ્રેસનોટ અને જાહેરાત આપવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ આધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરના વિવિધ કલબો–મંડળો, સીનીયર સીટીઝન, રમતગમતના એસોસીએશનો, શહેરમાં આવેલી વિવિધ યોગ સંસ્થાઓ સુરત મહાનગરપાલિકાને સારો સહકાર પૂરો પાડતાં યોગ કાર્યક્રમોમાં હજારો લોકોએ ઉત્સાહભેર સામુહિક યોગાસન, સાધારણ કસરત, પ્રાણાયામ જેવી યોગક્રિયામાં જોડાઈને વિશ્વના તૃતીય ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લઈ આ યશસ્વી ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અનુભવતા હતા. ઉપરાંત તંદુસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા તથા શાંતિ, સ્વાસ્થ, સ્વચ્છતા અને પર્યાવરણ જાળવવા સામાજ કલ્યાણના કાર્ય કરવાના સંકલ્પ સાથે શહેરના યોગપ્રેમી નગરજનોએ ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાઈ વિશ્વના તૃતીય ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ના યોગ નિદર્શન કાયક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો.



૨૧ જૂન, ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' ઉજવણી અંતર્ગત જીલ્લા પંચાયત, જીલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ સરસાણા કન્વેન્શન હોલ ખાતે યોજાયેલ યોગ નિદર્શન કાર્યક્રમમાં યોગ નિદર્શન કરતા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, સાંસદશ્રી સી. આર. પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન, કલેકટરશ્રી મહેન્દ્ર પટેલ, અન્ય મહાનુભવો તથા નગરજનો દ્રશ્યમાન છે



૨૧ જુન, "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ સરથાણા કોમ્યુનિટી હોલ, વરાછા ખાતે આયોજીત યોગ નિદર્શન કાર્યક્રમમાં યોગ નિદર્શન કરતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા તથા નગરજનોદ્રશ્યમાન છે.

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૧/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૧/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૧/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગની ટીમ બનાવી ઝોનમાં આવેલ વેજીટેબલ માર્કેટોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક બાબતે ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં માર્કેટ સ્ટોલ ધારકો તથા પાથરણાવાળાઓ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગકર્તા માલુમ પડેલ હોય તેઓની પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કર્યા બાદ તેવા તમામને સ્ટોલ ધારકોને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

| ચેક કરેલ વેજીટેબલ માર્કેટ | જપ્ત કરેલ પ્લાસ્ટીક (કિ.ગ્રા) | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|
| ૧૨૨ | ૪૨.૦૮ | ૪૯ | ૯૫ | ૨૦,૦૦૦ |

વધુમાં આ ટીમો દ્વારા વેજીટેબલ માર્કેટોમાં તેમજ આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ/સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે બાંધકામના ધારકો તેમજ પ્રાઈવેટ અને નગર પ્રાથમિક શાળાઓ સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :

હાલની પ્રર્વતમાન ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા તા.૨૨/૦૬/૨૦૧૭ના રોજ મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે વેસ્ટઝોન (રાંદેર) બાંધકામમાં તથા ખાનગી અને પ્રાઈવેટ શાળાઓનું ચેકીંગ કરતાં વેસ્ટઝોન (રાંદેર)ના પાલ, પાલણપોર, રાંદેર હદ વિસ્તારમાં આવેલ (૧) રાધિકા રેસી. બાંધકામ (૨) શ્રૃગલ હોમ બાંધકામ (૩) રોયલ રેસી. બાંધકામ (૪) હિલટન્સ રેસી. (૫) બિલવમ પેરેડાઈઝ (૬) બિલવમ હાઈટસ (૭) ટાઈમ સ્કવેર (૮) લા વિકટોરીયા (૯) રાજહંસ બીઝનેસ હબ (૧૦) કેટરેક કલબ (૧૧) ભકિત ગૃપ વી–૩ અને વી કોર્નર (૧૨) ફોરચ્યુન હાઈસ્ટ્રીટ પાસે કુલ (૧૩) રિલાયન્સ મોલ (૧૪) શબનમ પાર્ક :– ૧૪ બાંધકામ ધારકોને વરસાદી પાણીનો ભરાવો, મજૂરોની મચ્છરદાની તેમજ મજૂરોની સારવાર માટે જરૂરી પ્રાથમિક સારવારની દવા તેમજ બાંધકામમાં બ્રિડીંગનો નાશ કરાવવા જરૂરી જંતુનાશક દવા/ડીઝલ/ઓઈલ વિગેરે તેમના સુપરવાઈઝરની હાજરીમાં તેમની બાંધકામની સાઈડ ઉપર મચ્છરની ઉત્પતિ ન થાય તેવા પ્રકારની કામગીરી હાથ ધરવાની થાય છે તે મુજબની કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તેનો અમલ ન કરતાં ઈસમો ના બાંધકામના ધારકો સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે રૂ./– ૬૪,૦૦૦/– (અંકે ચૌસઠ હજાર ) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે. તેમજ પ્રાઈવેટ અને નગર પ્રાથમિક શાળાઓના કુલ–૫૭ સેલ્ફ સર્ટી અને તેમની પ્રિમાઈસીસ ચેક કરવામાં આવેલ. તેમજ બાકી રહેતી શાળાઓમાં ચેકીંગની કામગીરી ચાલુ હોય અને ખામી જણાશે તો તે શાળાઓ સામે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે બાબતે પાલણપોરગામની ગૌરવપથ પાસે ઈન્ટરનેશનલ એલ.પી.સવાણી શાળામાં અન્ડર ગ્રાઉન્ડમાં પાણી ભરાવો, રાંદેરની ઉગત કેનાલ રોડ પર પી.પી.સવાણી શાળામાં પડતર સામાનમાં પાણીનો ભરાવો માલૂમ પડેલ જેના અન્વયે ખામી બાબતે વહીવટી વસૂલાત ખર્ચ પેટે રૂ./– ૩૦૦૦/– (અંકે ત્રણ હજાર ) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ બાંધકામોના ધારકો જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ બાંધકામમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તેમજ પ્રાઈવેટ અને નગર પ્રાથમિક શાળાના સંચાલકોને તેમની પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે બાંધકામમાં તેમજ પ્રાઈવેટ શાળાઓમાં ખામી જણાશે તો સુરત મહાનગર પાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૬/૦૬/૨૦૧૭ થી તા.૨૨/૦૬/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૧૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૫ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....0283...
તા.૨૩/૦૬/૨૦૧૭

"પબ્લિક સર્વિસ ડે" નિમિત્તે તા.૨૨/૦૬/૧૭નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં ઘનકચરા વર્ગીકરણ અંગે રેલી તથા શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ "પબ્લિક સર્વિસ ડે" નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૬/૧૭નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં ઘનકચરા વર્ગીકરણ અંગે રેલી તથા શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૨/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O., સ્વૈચ્છિક સંસ્થા/કોર્મશીયલ કોમ્પલેક્ષમાં વહીવટીકર્તા, પ્રમુખ સેક્રેટરી તેમજ દુકાન ધારકોની સંયુકત ટીમ બનાવી આ ટીમોને સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરવા બાબતનાં પોસ્ટરો, બેનરો આપી દુકાનોમાં જનજાગૃતિ લાવવા માટે ઝોનમાં આવેલ જુદા જુદા કોર્મશીયલ/શોપીંગ સેન્ટરોમાં રેલી સ્વરૂપે લઈ જઈને સદર સ્થળએ આવેલ દુકાનનો માલિક/વહીવટકર્તાઓને ઘન કચરાનું વર્ગીકરણ કરવાથી થતાં ફાયદાઓ અંગે સમજ તેમજ તે અંગેનું આરોગ્યલક્ષી શિક્ષણ આ ટીમ દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આ રેલીમાં ભાગ લીધેલ તમામ સભ્યો તથા કોર્મશીયલ/શોપીંગ કોમ્પલેક્ષનાં દુકાન ધારકોને પણ સામેલ કરી સ્વચ્છતા રાખવા તેમજ સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીન રાખી સુકો/ભીનો કચરો ડોર ટુ ડોર વાહનોને આપીશું. તે બાબતનાં શપથ લેવડાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

| કોર્મશીયલ કોમ્પલેક્ષ | N.G.O. અને સ્વૈચ્છિક સંસ્થાનાં/દુકાન ધારકોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | શપથ લેવડાવવામાં આવેલ વ્યકિતઓ |
|---|---|---|---|---|
| ૭૫ | ૪૯૩ | ૪૬ | ૧૫૫ | ૧૬૫૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ **twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં** આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0284

તા.૨૩/૦૬/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં મોજે ભેસ્તાનમાં આવેલ ભગવતી ઈન્ડ.સોસાયટીમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર પ્રથમ માળનું બાંધકામ કરવામાં આવતા **આજ રોજ તા.૨૩/૦૬/૨૦૧૭** ના પ્લોટ નં.જી/૧/૬૦ થી ૬૪ માં ૨૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં તથા પ્લોટ નં.ડી/૨/૫૩,૫૪માં ૨૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બીજા માળનું ગેરકાયદેસરનું બાંધકામ કરવાના ઈરાદાનું આર.સી.સી.સ્લેબ ભરવા માટેનું સેન્ટ્રીંગ પ્લેટો તથા અન્ય શટરીંગ સહિતનું કામ તોડીને દૂર કરવામાં આવેલ છે. મિલકતદારો પાસેથી રૂા.૧,૬૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. તેમજ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ–સોનારી–ગભેણી) માં પ્રિયંકા ગ્રીન રેસીડેન્સીના પ્લોટ નં.૩,૪,૫માં શટરવાળી ૦૩(ત્રણ) દુકાનોનું આશરે ૧૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડિમોલીશન કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસ નોટ

મહિલાઆથિ<ક વિકાસનિગમલી.,ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૯:૦૦ થી ૧૨ કલાક દરમિયાન સાયન્સ સેન્ટર હોલ સીટીલાઈટ તથા બપોરે ૨:૦૦ થી ૫:૦૦ પરફોમી<ંગ આટ< સેન્ટર,અડાજણ ખાતેમહિલાજાગૃતિશિબીરયોજવામાં આવેલ, જેમાં માન.મેયરશ્રીમતીઅસ્મિતાબેન શિરોયા,ચેરમેન શ્રીમહિલાઆથિ<ક વિકાસ નિગમ, શ્રીમતીમીનાબેન સી.પંડયા,આરોગ્યસમિતિનાચેરમેન શ્રીઅનિલભાઈ બિસ્કીટવાલા, હોસ્પિટલ સમિતિનાચેરમેન ડો<.રમણભાઈ પરમાર, સાંસ્કૃતિકસમિતિના ચેરમેન શ્રી તથા ડાયરેકટર,ગુજરાતમહિલાઆથિ<ક વિકાસ નિગમ,ગાંધીનગર શ્રીમતીરૂપલબેન શાહ, ગુજરાત એસ.ટી.નિગમનાડાયરેકટર શ્રીમતીહેમાલીબેન બોઘાવાલા,મ્યુ.કોપો<રેટર શ્રીમતીકલ્પનાબેન અટોદરીયા તથા શ્રીમતીપુષ્પાબેન પટેલ તથા અન્યમહિલા કોપો<રેટરશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

સમારંભ નો પ્રારંભ આંગણવાડી કાય<કર બહેનો દ્વારાપ્રાથ<નાથી કરવામાં આવેલ. ત્યારબાદ સ્વાગત પ્રવચન મેડીકલ ઓફીસર ડા<.એચ.કે.સોંધરવા દ્વારાકરવામાં આવેલ.હાજર મહાનુભાવો દ્વારાદિપપ્રાગ્ટય કરી સમારંભ ખૂલ્લો મુકવામાં આવેલ માન.મેયરશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં બહેનોનું સમાજ પ્રત્યે યોગદાનની પ્રશંસા કરી. સમાજમાં બદલાવ લાવવા બહેનોએ નેતૃત્વલઈ આગળ આવવાનું જણાવ્યું. તેમણે બહેનોને સરકારશ્રી ની આર્થિક અનેઓરોગ્ય ક્ષેત્રે વિવિધ યોજનાઓનો લાભ લેવાનું જણાવ્યું.

ચેરમેનશ્રીમહિલાઆથિ<ક વિકાસ નિગમ લી,ગાંધીનગરદ્વારા બહેનોને સમાજમાં પોતાની આગવી ઓળખ ઉભીકરવા જણાવ્યું. સમાજનું ઋણ ચુકવવા બહેનોએ પોતાનાથી જે પણ કંઈ થઈ શકે તે કરવા કહયું. બહેનોને જીવનમાં આવતી મુશ્કેલીઓથી ગભરાઈ નહી પરંતુ તેનો સામનો કરી હલ લાવવા જણાવ્યું.

આ સમારંભ નો મુખ્યહેતુ સરકારશ્રીનીઆર્થિક,આરોગ્ય વિષયક,સામાજીક,કાનૂની સલાહ સુચન તથા મહિલા રક્ષણ અંગે વિવિધ યોજનાઓથી માહિતગાર કરવાનો હતો.સવારે સાયન્સ સેન્ટર ખાતે અંદાજીત ૨૫૦ બહેનો તથા બપોરે અડાજણ ખાતેસમારંભમાં અંદાજીત ૨૭૫ બહેનોએ આ શિબિરમાં ભાગ લીધેલ હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન આઈસીડીએસ વિભાગદ્વારા કરવામાં આવેલ.

# :: પ્રેસનોટ ::

''સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૭ના રોજ આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૧૩/૦૭/૨૦૧૭**ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે **માધ્યમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા** અને બપોરે ૧૨.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા**નું આયોજન **પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૨૮/૦૬/૨૦૧૭ થી તા.૧૦/૦૭/૨૦૧૭</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

# :: પ્રેસનોટ ::

## ''અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા''

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૬ થી ૮ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત્ત ઉજવણી નિમિત્તે તા.૦૬/૦૭/૨૦૧૭ થી તા.૦૮/૦૭/૨૦૧૭ દરમ્યાન નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સવારે ૯.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | મલ્ટી પર્પઝ હોલ, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, બેંક ઓફ બરોડાની આગળ, પ્રમુખ વિધાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત |
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | | માધ્યમિક વિભાગ | |
| | | બપોરે ૩.૦૦ કલાકે | | ખુલ્લો વિભાગ | |
| ૨ | ૦૭/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી હોલ, આઈમાતા સર્કલ પાસે, ડી.આર.વર્લ્ડની સામે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૩ | ૦૮/૦૭/૨૦૧૭ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મીગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |

મહેંદી અને આરતી શણગાર સ્પર્ધામાં પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.** ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી **તા.૨૮/૦૬/૨૦૧૭ થી તા.૦૪/૦૭/૨૦૧૭** સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ અંગેની માહિતી મળી શકશે.

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૭માં યોજાનાર સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૪ વર્ષથી યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર ૨૦૧૭માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹ ૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૨૮/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૭/૨૦૧૭ને સોમવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાની રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

# સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૪/૦૬/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં રામપુરા ચુમ્માલીસ ચાલ, રોહીત ફળીયું, કાદરશાની નાળ, અઝીઝ સ્ટ્રીટ, માળી ફળીયું,કબીરપુરા,વાઘરીવાડ, રૂપમ સિનેમાની સામે, માછીવાડ સલાબતપુરા જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં ગોપાલેશ્વર, મંગલમય રો હાઉસ, અમરધામ રો હાઉસ, મહાદેવનગર, હરીચંપા, માધવ વસાહત, ઈસ્કોન મંદિર પાસે, હિદાયતનગર, મથુરાનગરી અને અંબિકાનગર જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં સંજયનગર–૧, સનાતનડાયમંડનગર, આદર્શનગર, કેશવનગર,હરસિધનગર,,શિવશકિતનગર,રોયલ પાર્ક,બાપુનગર,શાસ્ત્રીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મારૂતીનગર,ગોવિંદનગર,પંચશીલનગર,ઉમરવાડા ડી ટેનામેન્ટ ચીમની ટેકરા,શિવસાંઈ નગર,શિવશકિત નગર,સહજાનંદ નગર,પ્રિયંકા નગર, પ્રિયંકા ટાઉનશીપ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પ્રભુ નગર, કેશવ નગર, શિવકૃપા, વૃંદાવન નગર ૧–૨, એલીઝયમ બાંધકામ, પીપલોદ, ઓરીયાણા બાંધકામ, હેપ્પી એક્ષીલેન્સયા,ભારતી સોસા, મનસ્વેર, ગાર્ડનવેલી, અવેતા મગદલ્લા જેવા વિસ્તારોમાં, કતારગામઝોનમાં આનંદપાર્ક સોસા., આંબાતલાવડી,હળપતિવાસ,રાયલી પ્રેસ, જલારામનગર ગુ.હા.બોર્ડ, એચ–૧ કોસાડ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોન માં વરૂણ કોમ્પ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ગણેશનગર, મોહનકાકાની ચાલી,અશોકનગર, રાણાપંચની વાડી,આહિર ફળિયુ ભૈયાનગર,સાંઈનગર, લક્ષ્મીનગર, ખોડિયારનગર,માનસરોવર સો. સરથાણા, માનસરોવર સો.–૧,૨,૩,૪ જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

- **૩૭૭૭૦** ઘર ડ્રાય ડે દરમ્યાન સર્વે કરવામાં આવ્યાં.
- **૮૯૦૬૦** બ્રિડીંગ સ્પોટ સર્વે કરી ૬૨૨ બ્રિડીંગ નાશ કરવામાં આવ્યાં.
- **૧૧૪૯૮** પાત્રોને ડ્રાય કરવામાં આવ્યાં, **૧૧૬૪** પાત્રોનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૪૬૮ પાત્રને કપડા વડે ઢાંકવામાં આવ્યાં.
- **૯૧૦૯૦** રૂા. વહીવટી ખર્ચ ની વસૂલાત **૧૦૭** ઈસમો પાસેથી કરવામાં આવી તથા **૧૬૯** ઈસમોને નોટી આપવામાં આવી.
- ડ્રાયડે દરમ્યાન તાવનાં લક્ષણો જણાતા **૨૭૮૫** લોકોના લોહીનાં નમૂના લેવામાં આવ્યાં તેમજ **૩૩૯૫૮** પાત્રો તથા પાણી ભરાવામાં ટેમીફોસ ટ્રીટમેન્ટ કરવામાં આવી.
- **૧૬૫૫૬** લોકોને આરોગ્યલક્ષી શિક્ષણ જેમકે મચ્છરદાનીમાં સુવુ, આંખી બાંયના કપડા પહેરવા,તાવ આવે તો તુરંત નજીકનાં આરોગ્યકેન્દ્રમાં લોહીની તપાસ કરાવવી વિગેરે સમજ આપી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

## પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :**

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મે.કમિશનરશ્રીના આદેશાનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે.આઈ.ખત્રીની સુચના મુજબ તા.૨૧/૦૬/૧૭ થી તા. ૨૪/૦૬/૨૦૧૭ દરમ્યાન મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગીય **ભરથાણાં યુનિટના વિસ્તારમાં આવેલ બાંધકામ સંગીની ગૃપ, સમર્થ દેસાઈ ગૃપ, ગાર્ડન વેલી, બ્લયુ આર્ક બાંધકામોમાં મચ્છરનું** બ્રિડીંગ મળી આવતા રૂા.૪૨,૦૦૦/– વહીવટી ખર્ચવસુલવામાં આવેલ, **ગવિયર યુનિટના વિસ્તારમાં આવેલ ઈન્ફા પોજેકટ કેરોલીના બાંધકામમાં મચ્છરનું બ્રિડીંગ મળી આવતાં રૂા.૫,૦૦૦/–** તેમજ **વેસુ યુનિટ વિસ્તારમાં વેસુ ગામમાં ખાનગી માલિકીનું બાંધકામ, ગ્રીન ફોર્ચ્યુન બાંધકામમાં મચ્છરની ઉત્પતિ ધરાવતા ઈસમોને કુલ–રૂા.૭,૦૦૦/–** નો વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. **અલ–ભટાર યુનિટ વિસ્તારમાં આવેલ ભારતીય સોસા. તેમજ તડકેશ્વર વસાહતમાં ચાલતા બાંધકામમાં બ્રિડીંગ મળી આવતા કુલ : ૧૦૦૦/ – વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ તથા પનાસ વિસ્તારમાં કરીમાબાદ, ૨૪ કોમર્શીયલ બાંધકામ, ચાણકયપુરી, સંગમ સોસાયટીમાં બાંધકામ મચ્છરની ઉત્પત્તિ જોવા મળતા કુલ– રૂા.૧૦,૫૦૦/–** વહીવટી વસુલાત લેવામાં આવેલ આમ કુલ ૫૫ બાંધકામમાં સર્વે કરી મચ્છરજન્ય પરિસ્થિતી નિર્માણ કરતા ૦૭ ઈસમો પાસેથી કુલ–રૂા.૬૫,૫૦૦/–( છાસઠ હજાર પાંચસો પુરા) વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ તથા બાંધકામ માં રહેતા કુલઃ– ૧૭૦ મજુરોની સ્લાઈડ કલેકશન કરવામાં આવેલ અને કુલ ૦૭ બ્રિડીંગના નાશ કરવામાં આવેલ. ઉપરોકત તમામ બાંધકામના ઓર્ગનાઈઝરોને આ અગાઉ મચ્છર જન્ય પરિસ્થિતીનું નિર્માણ ન થવા બદલ તમામને નોટીસ આપવામાં આવેલ હતી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી બાંધકામના તમામ મજુરોને મચ્છરદાની પુરી પાડવા અંગે ઓર્ગેનાઈઝોને આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૨૪/૦૬/૨૦૧૭